

## આકરૂન્દ હાઈસ્કૂલમાં નવરાત્રિ પર્વની ઉજવણી

ધનસુરા તાલુકાની આકરૂન્દમાં નવરાત્રી પર્વની સળંગ ૫ દિવસ આસ્થા-ઉમંગ સાથે ઉજવણી કરાઈ ધોરણ-૬ થી ૧૨ વિદ્યાર્થીઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી નવરાત્રી પર્વમાં સામેલ થયા હતા. કોરોનાના કારણે અનેક ગ્રામ્ય વિસતારોમાં નવરાત્રી પર્વની સાદગીપૂર્વક ઉજવણી થઈ હતી. ત્યારે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિમાં જોડાઈ માનસિક રીતે વધુ પ્રફુલ્લિત રહે તે માટે શાળાના આચાર્ય જે ડી ભાટી પ્રા. વિભાગના આચાર્ય ગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી અનેક વિદ્યાર્થીઓ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ રાસ ગરબાની રમઝટ બોલાવી ઉત્સાહિત થયા હતા. નવરાત્રી વર્ષના આયોજનમાં શાળાના શિક્ષક જલ્પાબેન ગોહેલ, જયોતિબેન મર્ચન્ટ, રીલાબેન દેસાઈ વગેરે અમૂલ્ય સહયોગ સાથે આયોજન કર્યુ હતું. આકરૂન્દ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલ, ઉપપ્રમુક નરસિંહભાઈ પટેલ, સહમંત્રી દિનેશભાઈ પટેલ વગેરેએ નવરાત્રીના આયોજન બદલ શાળા સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

## બાયડના વારેણામાં મહિલાની છેડતી ઝઘડાની અદાવતમાં હાથ પકડ્યો

બાયડ( બ્યુરો ઓફીસ) તા.૧૫

બાયડ તાલુકાના વારેણા માં પતિ સાથે થયેલા ઝગડાની અદાવતમાં પુષ્પા બેન બજાણિયા નો હાથ પકડી છેડતી કરવામાં આવી હતી.ઉશ્કેરાયેલા પરમાર પરિવારના સભ્યો એ મહિલા અને પતિ ને ફટકારતાં પોલીસ ફરિયાદ થઈ છે.

જાણવા મળ્યા મુજબ વારેણાં માં રહેતા કમલેશ ભાઈ બજાણિયા ને પરમાર પરિવાર સાથે અગાઉ ઝગડો થયો હતો જેની અદાવત રાખી તા.૧૨ ના રોજ કરણ ભાઈ પરમાર અને અન્ય ઈસમોએ બોલાચાલી કરી પુષ્પા બેન બજાણિયા નો હાથ પકડી છેડતી કરતા મામલો તંગ બની ગયો હતો જેમાં પતિ અને પત્ની ને ફટકારવામાં આવતા બયાડ પોલીસે કરણ ભાઈ પરમાર,કમલેશ ભાઈ પરમાર,અજિત ભાઈ પરમાર,હસમુખ ભાઈ પરમાર, રાણા ભાઈ પરમાર,રાજુ ભાઈ પરમાર અને નરેશ ભાઈ પરમાર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## અરવલ્લી નિવાસી અધિક કલેક્ટર દ્વારા વીડીયો કોન્ફરન્સથી મહેસુલી કામગીરીની સમીક્ષા

મોડાસા તા.૧૫

અરવલ્લી જીલ્લા કલેકટર કચેરી ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમ થકી જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડની અધ્યક્ષતામાં મહેસુલી કામગીરીની સમીક્ષા કરાઈ.




જેમાં જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ દ્વારા માન.cm Dashboard ની કામગીરી પરત્વે માર્ગદર્શન અને સમીક્ષા, સરકારશ્રીના ૧૦૦ દિવસના લક્ષ્યાંક અંગેનું માર્ગદર્શન અપાયું.

તેમજ જમીન ફાળવણીના કેસોની સમીક્ષા, લેન્ડ ગ્રેબીંગ અંતર્ગત અરજીઓના નિકાલની સુચના, સરકારી વિભાગો દ્વારા માંગણી થયેલી જમીનના પ્રકરણોની સમીક્ષા, નાગરિકોની રજુઆતોના ઝડપી ઉકેલ માટે તાકીદ, રેવન્યું ફાઈલ મોનિટરીંગ પરત્વે જિલ્લાની સારી કામગીરી, અન્ન પુરવઠા યોજનાની સમીક્ષા કરાઈ.

આ બેઠકમાં પ્રાંત અધિકારીશ્રીઓ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, મામતલદારશ્રીઓ અન્ય મહેસુલી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં વ્યક્તિઓના ભેગા થવા કે ટોળા કરવા પર પ્રતિબંધક હુકમો

મોડાસા તા.૧૫

અરવલ્લી જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલી સરકારી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. જિલ્લા સેવા સદન મોડાસા ખાતે આવેલ સરકારી કચેરીઓમાં રોજ-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાંક બનાવો પરથી અત્રેના ધ્યાને આવેલ છે કે વિવિધ મુદ્દાઓ પરત્વે રજૂઆત કરવા તાલુકા ગ્રામ્ય કક્ષાએથી આવતા અરજદારો દ્વારા સક્ષમ અધિકારીશ્રીની કોઈ લેખિત પરવાનગી સિવાય સદન ખાતે મોટી સંખ્યામાં ટોળા કરી દેખાવો કરવામાં આવે છે આનાથી કાયદો અને વ્યવસ્થા પર વિપરીત અસર પડે છે આથી આવી પ્રવૃતિઓ પર અંકુશ રાખવો યોગ્ય ગણાય છે.

શ્રી પ્રદીપસિંહ રાઠોડ જી. એ. એસ.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સેવ સદન સંકુલમાં સરકારી ઈસમોના સક્ષમ અધિકારીશ્રીની કોઈ લેખિત પરવાનગી સિવાય સેવાસદન ખાતે રેલી,ધરણા,ઉપવાસ,આંદોલન,આવેદનપત્રો, આત્મવિલોપન,જેવી રજૂઆતો કરવા માટે ૪ થી વધુ વ્યક્તિઓના ભેગા થવા કે ટોળા કરવા નહીં.

આ હુકમ ‘તા.૧૮ ઓક્ટોબર ૨૦૨૧ થી ૧૬ ડિસેમ્બર ૨૦૨૧ સુધી ૬૦ દિવસ’ માટે અમલમાં રહેશે. અ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## પ્રાંતિજના પોગલુ ખાતે શ્રી વેરાઈ માતાજીના મંદિરે હવન યોજાયો

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ના પોગલુ ખાતે ૮૦૦ વર્ષ થી ચાલી આવતી પરંપરા આજે પણ યંત્ર યુગમાં યથાવત છે અને ગામમાં રહેતાં દરેક સમાજ ના લોકો માતાજી ના દર્શન કરી હવન નો લાભ લઈને ખીરનો પ્રસાદ લઇ ધન્યતા અનુભવે છે. પ્રાંતિજ ના પોગલુ ખાતે આવેલ શ્રી સુપ્રસિધ્ધ શ્રી વેરાઈ માતાજી ના મંદિરે દર વર્ષ ની જેમ આ વર્ષ પણ માતાજી ના મંદિર ખાતે આઠમ નું હવન યોજાયું હતું જેમાં પોગલુ ગામમાં રહેતાં તથા ધંધા રોજગાર અર્થે બહારગામ ગયેલ ગામજનો આઠમ ના દિવસે એક દિવસ માટે પણ ગામમાં આવે છે અને શ્રી વેરાઈ માતાજીનાં મંદિરે આવી દર્શન કરી હવનનો લાંભ લઈને ધન્યતા અનુભવે છે તો ગામમા રહેતા દરેક સમાજ ના અને ધર દીઠ એક વ્યકિત આઠ ના દિવસે ફરજીયાત ઉપવાસ કરે છે અને સાજે મંદિર ખાતે આવી ને હવન ના દર્શન કરી ખીર નો પ્રસાદ લઇ ને ઉપવાસ પૂર્ણ કરે છે તો મંદિર ખાતે નવરાત્રી યોજાતી નથી પણ એકમથી પૂનમ સુધી ભજન કિર્તન કાર્યક્રમ યોજાય છે ત્યારે મંદિર વ્યવસ્થાપકો તથા મંદિરના મહંત શ્રી સુનીલદાસજી મહારાજ દ્વારા દર વર્ષ ની જેમ ગામની પરંપરા મુજબ સમુહમાં ખીર બનાવવામાં આવે છે અને ગામનાં બાળકો થી લઈને ગામના સોવકોઇ ને પ્રસાદ સ્વરૂપે આપવામાં આવેછે જયારે આ પ્રસંગે પાટીદાર સમાજ ના અગ્રણીય અને પોગલુ ના જ વતની બાબુભાઇ એસ.પટેલ પણ શ્રી વેરાઈ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી જયારે આ પ્રસંગે શામળભાઇ પટેલ, સંજયભાઇ પટેલ , વાસુભાઇ પટેલ, ગનાભાઇ પટેલ , મહેશ ભાઇ પટેલ ગામનાં અગ્રણીયો સહિત ગામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.



## પાલનપુરમાં વિજયાદશમીના મહાપર્વે ભગવાન રામ લક્ષ્મણ હનુમાનજીની ભવ્ય શોભાયાત્રા

### મોડી સાંજે રામલીલા મેદાનમાં રાવણ દહન

પાલનપુર તા. ૧૫

આસુરી શક્તિ પર દેવી શકિતનો વિજય એટલે ભગવાન રામે રાવણ સાથે યુદ્ધ કરી ભવ્ય વિજય મેળવ્યો ત્યારથી પરંપરાગત રીતે દેશભરમાં રાવણ મેઘનાદ અને કુંભકર્ણના પૂતળાનું ભવ્ય આતશબાજી સાથે દહન કરી અન્ય જગ્યાએ રામલીલા સાથે ભવ્ય શોભાયાત્રામાં રામ ભક્તો ઉમટી પડે છે. વૈશ્વિક મહામારી કોરોનાને લઇ દેશભરમાં ધાર્મિક ઉત્સવો તહેવારો પર પ્રતિબંધ હોય પ્રજાજનો ઉત્સવો અને માનવ થી વંચિત રહ્યા હતા જ્યારે આ વર્ષે છૂટ અપાતા નવ દિવસની નવરાત્રિ બાદ આજે પાલનપુરમાં લક્ષ્મણ ટેકરી દશેરાની ભવ્ય શોભાયાત્રા શહેરના રાજમાર્ગો પર ફરી મોડી સાંજે રામલીલા મેદાન ખાતે રાવણ દહન આતશબાજી સાથે કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શહેરીજનો બે વર્ષ બાદ આતશબાજી સાથે રાવણ જોવા ઉમટી પડ્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસના તંત્ર દ્વારા શોભાયાત્રા સાથે લોખંડી પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર શોભાયાત્રામાં રામજી કી નિકલી સવારી સાથે ધાર્મિક ગીતોના તાલે રામ ભક્તો શહેરીજનો રંગેચંગે દશેરા ની શોભા યાત્રામાં સામેલ થઈ મોડી સાંજે રામલીલા મેદાન ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયમ સેવકોએ પ્રાર્થના કરી ભગવાન રામ લક્ષ્મણ અને હનુમાનજીની વિશેષ પૂજા પણ યુવાનોએ રાવણ મેઘનાદ અને કુંભકર્ણ ૬૦ ફૂટ ઊંચા અને રૂપિયા એક લાખ ૩૦ હજારના ખર્ચે મથુરાના મુસ્લિમ કાર્યકરો દ્વારા તૈયાર કરવામાં આવેલ શ્રીરામ ઉત્સવ સમિતિ પાલનપુર ના અન્ય ધાર્મિક સંગઠનો અગ્રણીઓએ રાવણ દહનમાં ભાગ લઈ ભગવાન રામનો જયજયકાર કર્યો હતો. જ્યારે શહેરમાં આવેલ વિવિધ મીઠાઈ અને ફરસાણની દુકાનો ઉપર પરંપરાગત રીતે ફાફડા અને જલેબી ની મજા શહેરીજનોએ માણી હતી. હમ લાંબા સમય બાદ ઉત્સવો જોઈએ પ્રજા જનોએ આનંદ માણ્યો હતો.







### પાલનપુરમાં હું તો ગઈ તી મેળે હે મારો સાયબો તારી વાંકી રે પાઘલડીનું ફૂમતુ રે જેવા ગરબાના તાલે છેલ્લા નોરતે ગરબાની રમઝટ જામી

પાલનપુર શહેરના જુદા જુદા વિસ્તારોમાંમા જગદંબાની નવલી નવરાત માં યૌવન હિલોળેચડ્યુ છે શહેરના માનસરોવર રોડ ઉપર આવેલ ભાગ્યોદય સોસાયટી માં નવદુર્ગા યુવક મંડળ આયોજિત નવરાત્રી મહોત્સવ ભારે રંગત જમાવી રહ્યો છે છેલ્લા બે વર્ષથી કોરોના ના કારણે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નવરાત્રી પર પ્રતિબંધ મુકાયો હતો ત્યારે આ વર્ષે આરતી અને મર્યાદિત સંખ્યામાં નવરાત્રીમાં ગરબા રમવા ની છુટ આપવામાં આવતા શહેરના મોટી બજાર ચામુંડા યુવક મંડળ કોલેજ કમ્પાઉન્ડ બ્રિજેશ્વર કોલોની ગઠામણ દરવાજા જુના લક્ષ્મીપુરા ત્રણ બત્તી બેચરપુરા ગણેશપુરા વડલી વાળુ પરુ સેકસી સહિત અનેક વિસ્તારોમાં નવરાત્રિમાં છેલ્લા દિવસોમાં ગરવી ગુજરાતણો બાળકો યુવાનો આધુનિક અને પૌરાણિક ગરબાની રંગત જમાવી રહ્યા છે માને સમગ્ર વિશ્વમાંથી કોરોના મહામારી દૂર થાય તેવી પ્રાર્થના કરી ગરબામાં બન્યા છે મોડીરાત્રે ખેલૈયાઓને લ હાણીનાસ્તો અને પ્રસાદ ની મોજ માણી ભારે થનગનાટ સાથે ગરબા રમવામાં મસ્ત બન્યા છે .

## નવી તેમજ જુની મોટર સાયકલ જેવા ટુ વ્હીલરો ખરીદનારાઓ પાસેથી જરૂરી પુરાવા લેવા ફરજીયાત

મોડાસા તા.૧૫

ગુપ્તચર અહેવાલો અને ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા દેશના વિવિધ શહેરોમાં શ્રેણીબધ્ધ બોંમ્બ ધડાકાઓ કરી મોટી સેખ્યામાં જાન હાનિ તેમજ માલ મિલકતોને નુકશાન કરવામાં આવેલ જે જોતા ત્રાસવાદી/ત્રાસવાદી તત્વો પોતાના મલીન ઈરાદાઓને અંજામ આપવા માટે સાઈકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોંબ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી/ત્રાસવાદી કુત્યોને અંજામ આપેલ છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા અંકુશમાં મુકી શકાય તે માટે આવા વાહનોની માહિતી રાખેલ હોય તો આ પ્રકારના ગુના કરનાર ગુનેગારો સુધી પહોંચી શકવા, પકડી શકવામાં સરળતા રહે.વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષા ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિશ્ચિત બનાવ ન બને તે માટે સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો વેચાણ કરનાર પર કાયદાકીય નિયંત્રણ હોવુ જરૂરી છે. તથી જાહેર વ્યવસ્થા સલામતી અને સુરક્ષા આ પ્રમાણેના સુચનોનો અમલ કરવો જરૂરી બને છે. શ્રી પ્રદીપસિંહ રાઠોડ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લી ફોજદારી કાર્યરીતી અધિનિયમ – ૧૯૭૩ની કલમ – ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તાર માટે આ વાહન ખરદ-વેચાણ સમયે આ હુકમોનું પાલન કરવું અનિવાર્ય બને છે જેવા કે, નવી તેમજ જુની સાયકલ/સ્કૂટર તેમજ મોટર સાયકલ જેવા ટુ વ્હીલરો ખરીદનારાઓને બીલ અવશ્ય આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી, ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાઈસન્સ,પાન કાર્ડ,રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખ કાર્ડ કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પસેથી આવા વેચાણ કર્તાઓએ મેળવવાનો રહેશે, બીલમાં ખરીદનારનું પૂરૂ નામ, સરનામું, સંપર્ક નંબર અવશ્ય લખવો, વેચાણ બીલમાં આ પ્રકારના વાહનોનો ફ્રેમ નંબર, ચેચીસ નંબર, એંજીન નંબર અવશ્ય લખવો, આ પ્રકારના વાહનોના વેચાણ કર્તાઓએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે આ માહિતી/રેકર્ડ રજુ કરવાના રહેશે. આ જાહેરનામું તા.૧૮ ઓક્ટોબર ૨૦૨૧ થી ૧૬ ડિસેમ્બર ૨૦૨૧ સુધી ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ને કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## પાલનપુરમાં વરસાદ વીત્યાના એક, પખવાડિયા બાદ પણ આંબાવાડી વિસ્તારમાં પાણી ઓછર્યા નથી

### ઢીંચણ સમાં ભરાયેલા ગંદા પાણીથી રોગચાળો ફાટી નીકળવાની દહેશત : પાલીકા દ્વારા ગંદા પાણીનો નિકાલ કરવામાં ન આવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

પાલનપુર, તા. ૧૫

પાલનપુરમાં વરસાદ વીત્યાને એક પખવાડિયા નો સમય વીતવા છતાં ગણેશપુરાના આંબાવાડી વિસ્તારમાં વરસાદી પાણી ઓછર્યા નથી અહીં પાણી જાહેર માર્ગ પર ગંદા પાણીના ભરાવા ને લઈ લોકોએ અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે તેમજ દુષિત પાણીના ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે ત્યારે નગરપાલિકા તંત્ર ધ્વારા આ ગંદા પાણીનો નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે

પાલનપુર નગરપાલિકા ના વોર્ડ નંબર ૧૧માં આવેલ ગણેશપુરાનો આંબાવાડી વિસ્તાર પ્રત્યે પાલીકા તંત્ર દ્વારા જાણે ઓરમાયું વર્તવ દાખવવામા આવી રહ્યું હોય તેમ આ વિસ્તારની સમસ્યાઓ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે આ સ્લમ વિસ્તારમાં રોડ રસ્તાના ઠેકાણા નથી વીજ પાણી ની સમસ્યા કાયમી બની છે અને વરસાદી પાણી ન નિકાલ ની કોઈજ વ્યવસ્થા ન હોય સામાન્ય વરસાદમાં આ વિસ્તાર બેટમાં ફેરવાય છે જોકે તાજેતર માં પડેલા વરસાદમાં અહીં પાણી ભરાઈ ગયું જે બાદ નગરપાલિકા દ્વારા આ વરસાદી પાણીનો નિકાલ કરવામાં ન આવતા આજે વરસાદ વીત્યાને એક અઠવાડિયું થવા છતાં અહીં જાહેર માર્ગ પર ઢીંચણ સમુ પાણી ભરાયેલું હોઈ લોકોને તેમજ નાના બાળકોને સ્કૂલ જવા આવવા ગંદા પાણીમાં પસાર થવાની ફરજ પડી રહી છે નગરપાલિકા તંત્ર દ્વારા અંબાવાડી ના ગંદા પાણીનો સત્વરે નિકાલ કરાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.



## જન્મદિને વધામણી



રાજેન્દ્રકુમાર શાહ
સ્વામિનારાયણ સોસાયટી
બાયડ



તુષાર માધુભાઈ ચોવટીયા
બિલ્ડર
શ્રીધર રેસીડેન્સી
બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન

## લાંક ગામેથી પરણિત મહિલા ગુમ : ગુમ પત્ની શોધવા પતિ પોલીસના શરણે

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫

બાયડ તાલુકાના લાંક ગામના ઝાલા પરિવારની પરણિત મહિલા ખેતરમાં જવા નીકળ્યા પછી ગુમ થઈ છે.ત્રણ દિવસથી પરણિત મહિલાનો પત્તો ન મળતાં ગુમ પત્નીને શોધવા પતિ એ પોલીસના શરણે જઈ જાણવાજોગ નોધ આપી છે. જિલ્લામાં યુવતીઓ અનેમહિલાઓ ગુમ થવાના બનાવ સતત વધી રહ્યા છે.પરણિત મહિલા ગુમ થયા ત્યારે પરિવાર ચિંતામાં આવી જતો હોય છે.જ્યારે મહિલા ના ગુમ થવા પાછળ મોંઢા એટલી વાતો થતી હોય છે. બાયડ તાલુકાના લાંક ગામના સંજય સોમાભાઈ ઝાલા નાં પત્ની કૈલાસ બેન તા.૧૧ ના રોજ બપોરે ઘરેથી ખેતરમાં ધાસ લેવા જાઉં છું તેમ કહી નીકળ્યાં હતા.દરમ્યાન સાંજ સુધી ધરે પરત ન આવતા પરીવજનો તપાસ માટે ખેતરે પહોંચ્યા પણ મહિલાનો કોઈ પત્તો મળ્યો ન હતો.સગા સબંધી ઓ ને ત્યાં પણ ગુમ થનાર મહિલાની શોધ કરવામાં આવી પણ હજુ કોઈ સફળતા મળી ન હોવાથી ચિંતિત પતિ ની ખબરના આધારે બાયડ પોલીસે તપાસ શરૂ કરી છે.